# રાજકોટ જિલ્લામાં એન.એફ.એસ.એ. અંતર્ગત ઈ-કેવાયસીની ૯૩.૬૭ ટકા કામગીરી પૂર્ણ

## જિલ્લામાં રેશનકાર્ડ ઈ-કે.વાય.સી. નહીં કરાવનાર ૭૩ હજાર જેટલા નામ કમી કરાશે

રાજકોટ,
એન.એફ.એસ.એ. અંતર્ગત રાજકોટ જિલ્લામાં હજુ પણ ૭૨ થી ૭૩ હજારથી વધુ રેશનકાર્ડ ધારકોએ રેશન કાર્ડ ઈ-કેવાયસી કરાવેલ નથી. તેવા રેશન કાર્ડ ધારકોનાં નામ હવે કમી કરી દેવાની કાર્યવાહી શરુ કરાશે તેમ આજે જિલ્લા પુરવઠા અધિકારી અજયભાઇ ઝાંપડાએ જણાવેલ હતું.

તેઓએ જણાવેલ હતું કે અત્યાર સુધીમાં જિલ્લાનાં ૧૧,૨૮,૮૩૧ રેશન કાર્ડ ધારકોએ ઈ-કેવાયસી કરાવી લીધું છે. પરંતુ હજુ પણ ૭૨ થી ૭૩ હજાર કાર્ડ ધારકોએ ઈ-કેવાયસી કરાવેલ નથી તેઓની સામે નામ કમી કરવાની કાર્યવાહી હાથ ધરાશે. ઉલ્લેખનીય છે કે, આજરોજ પી.એમ.પોષણ યોજના અંતર્ગત જિલ્લા કક્ષાની સ્ટીયરિંગ કમ મોનીટરીંગ કમિટી તથા જિલ્લા/શહેર પુરવઠા સલાહકાર સમિતિની મિટિંગ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે યોજાઇ હતી.

બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારીએ અજય ઝાપડાએ જણાવ્યું હતું કે, જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ (એન.એફ. એસ. એ.) રાશન કાર્ડ ઈ-કેવાયસી અંતર્ગત નોંધપાત્ર ૯૩.૬૭ ટકા કામગીરી પુર્ણ થયેલ છે. બાકી રહેલા નાગરિકોને તાત્કાલિક ઈ-કેવાયસી કરાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો. ઈ-કેવાયસી ન કરાવનારને નોટિસ આપ્યા બાદ નામ કમી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.અનાજનો જથ્થો ગુણવત્તા સભર તથા નિયત ક્વોન્ટીટીમા દુકાનો સુધી પહોંચે એ માટે રાજકોટ જિલ્લા માં ગ્રામ્ય લેવલે જથ્થો ઉતારતાં સમયે તકેદારી સમિતિના સદસ્યોની હાજરી/બાયોમેટ્રીક ફરજિયાત કરવામાં આવી.જિલ્લામા ૧૦૦% અમલવારી શરૂ કરાઈ છે.વન નેશન વન રાશન કાર્ડ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં કુલ ૭૧૪ વાજબી ભાવની દુકાનો મારફતે ગત માસે કુલ ૩૩૮૦૯ રાશન કાર્ડધારકોને લાભ આપવામાં આવ્યો હોવાનું પણ બેઠકમાં જણાવાયું હતું.

પી.એમ.પોષણ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લાના ડીસેમ્બર-૨૦૨૫ અંતિત જિલ્લામાં ૧૧ તાલુકાઓની ૮૭૫ શાળાઓના વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવી રહ્યો છે, જિલ્લામાં પી.એમ. પોષણ કેન્દ્રોની કુલ સંખ્યા ૮૭૪ છે. બેઠકમાં સંસદ સભ્ય રામભાઈ મોકરીયાએ જણાવ્યું હતું કે, સરકારની તમામ કલ્યાણકારી યોજનાઓમાં પારદર્શિતાને વિશેષ મહત્વ આપવામાં આવી રહ્યું છે. સુમેળભર્યા સંકલનથી પી.એમ. પોષણ યોજના જેવી મહત્વની યોજનાઓ સફળતાપૂર્વક અમલી છે. ગત માસે લાભાર્થીઓને કુલ ૨૩૮૫ મેટ્રિક ટન ઘઉં તથા કુલ ૩૫૩૦ મેટ્રિક ટન ચોખાનું મફત વિતરણ કરવામાં આવ્યું.

આ બેઠકમાં ધારાસભ્ય દર્શિતાબેન શાહ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.આર.ફૂલવાડી, મહિલા અને બાળ કલ્યાણ અધિકારી જનકસિંહ ગોહિલ સહિતના અધિકારીઓ તેમજ ગુજરાત સરકાર દ્વારા નિયુક્ત કરાયેલી કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ જિલ્લા ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક યોજાઈ

## લોકહિતને લગતા વિવિધ પ્રશ્નો અંગે તત્કાલ કાર્યવાહી કરવા સૂચના અપાઈ

રાજકોટ, રાજકોટ જિલ્લા ક્લેક્ટરશ્રી ડૉ. ઓમ પ્રકાશની અધ્યક્ષતામાં જિલ્લા ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં લોકપ્રતિનિધિઓ દ્વારા લોકહિતને લગતા વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. બેઠકમાં આ પ્રશ્નોના સત્વરે નિકાલ માટે સંબંધિત વિભાગોને સૂચના આપવામાં આવી હતી.

રાજકોટના સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલા વતી દેપાળીયા ગામનો રિ-સર્વે તેમજ દબાણ સંબંધિત પ્રશ્ન રજૂ થયો હતો. જેમાં ટેક્નિકલ વિગતો ચકાસીને તેનો ઉકેલ લાવવા સૂચના આપવામાં આવી હતી. જ્યારે સાંસદ શ્રી રામભાઈ મોકરિયા દ્વારા સિવિલ હોસ્પિટલને લગતા, શહેરમાં જર્જરીત સરકારી ઈમારતો, કોઠારીયા બાયપાસ ફ્લાયઓવર સંબંધિત પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં સિવિલમાં સુરક્ષા જાળવવા માટે કડક પગલા લેવા, શહેરમાં રહેલી ૧૭૬ જર્જરીત ઈમારતો અંગે તેમજ કોઠારીયા ફ્લાયઓવરનું કામ સમયસર શરૂ થઈ જાય તે અંગે યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

ધારાસભ્યશ્રી ડૉ. દર્શિતાબહેન શાહ દ્વારા સિવિલ હોસ્પિટલના નવીનીકરણ, રજીસ્ટ્રાર ઓફિસ નવી બનાવવા તથા એઈમ્સમાં વિવિધ વિભાગો અને નર્સિંગ કોલેજ સંબંધિત પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા.

ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળા દ્વારા વોર્ડ નંબર ૧૮માં ઝૂંપડા તેમજ પાર્કિંગ સહિતના દબાણો તેમજ અસામાજિક પ્રવૃતિનો પ્રશ્ન તથા વોર્ડ નંબર ૧૭માં ખુલ્લા પ્લોટમાં દબાણોનો પ્રશ્ન રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રશ્નોના નિકાલ માટે યોગ્ય પગલાં લેવા સૂચના આપવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન શ્રીમતી ભાનુબહેન બાબરીયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદ, જિલ્લા પોલીસ વડા શ્રી વિજયસિંહ ગુર્જર, આસિ. કલેક્ટર શ્રી મહેક જૈન, ડી.સી.પી. ઝોન -૨ શ્રી રાકેશ દેસાઈ, નિવાસી અધિક કલેક્ટર શ્રી એન. કે. મૂછાર, વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડો.કથીરિયાના નેતૃત્વ હેઠળ ગૌટેક ટીમની મહાત્મા ફુલે કૃષિ વિદ્યાલયના કુલપતિ સાથે ચર્ચા-વિચારણા



રાજકોટ,
ગૌ આધારિત નવીનતા અને વૈજ્ઞાનિક અભિગમને રાષ્ટ્રીય સ્તરે પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે ડો. વલ્લભભાઈ કથીરિયાના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ ગૌટેક ટીમે મહાત્મા ફુલે કૃષિ વિદ્યાપીઠ, રાહુરી (મહારાષ્ટ્ર) ના કુલપતિ પ્રો. ડો. વિલાસ ખારચે સાથે શિષ્ટાચાર મુલાકાત કરી હતી.

મુલાકાત દરમ્યાન ગૌ ટેક - ૨૦૨૩ની સફળતા અંગે તેમજ આગામી ગૌ ટેક ૨૦૨૬ જે ૨૦ માર્ચથી ૨૩ માર્ચ, ૨૦૨૬ સુધી એગ્રીકલ્ચર કોલેજ ગ્રાઉન્ડ, પુના ખાતે યોજાવા જઇ રહ્યો છે. તે અંગે વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સમૃદ્ધ, શ્રેષ્ઠ, ભવ્ય અને દિવ્ય ભારતના સ્વપ્નને સાકાર કરવાના ઉદ્દેશ્યથી આંતરરાષ્ટ્રીય સંસ્થા ગ્લોબલ કધફેડરેશન ઑફ કાઉ-બેઝડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા આયોજિત ગૌ ટેક ૨૦૨૬ઐતિહાસિક અને વૈશ્વિક સ્તરની ગૌ આધારિત સમિટ અને પ્રદર્શની છે, ગૌ ટેક એ ગૌ આધારિત ઉદ્યોગો માટે ન માત્ર ભારતમાં પરંતુ સમગ્ર વિશ્વમાં સૌથી મોટું મંચ બની રહ્યું છે.

આ કાર્યક્રમ એક ઐતિહાસિક પ્રયત્ન છે જેમાં સંસ્કૃતિ પરંપરા, ટેકનોલોજી અને નવીનતાનોઓનું મિશ્રણ જોવા મળશે. તે ઉપરાંત મુલાકાત દરમ્યાન ગૌ આધારિત ટેક્નોલોજી, સંશોધન, નવીનતા, કૃષિ-પશુપાલનનો સમન્વય તેમજ ગૌ આધારિત ઉત્પાદનોના વૈજ્ઞાનિક વિકાસ વિષયક વિસ્તૃત અને સકારાત્મક ચર્ચા કરવામાં આવી.

ડો. વલ્લભભાઈ કથીરિયાએ ગૌ આધારિત અર્થવ્યવસ્થાને સંશોધન, ટેક્નોલોજી અને સ્ટાર્ટઅપ મોડલ સાથે જોડીને ગ્રામિણ સ્વાવલંબન અને આત્મનિર્ભર ભારતના વિઝન અંગે વિગતવાર માહિતી આપી હતી.

આ મુલાકાત ગૌ-વિજ્ઞાન, કૃષિ નવીનતા અને ટકાઉ વિકાસ માટે એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે. મુલાકાત દરમ્યાન જનરલ સેક્રેટરી અમિતાભ ભટ્ટનાગર, પુરીશ કુમાર, મનીષ ચતુર્વેદી, કૌસ્તુભ, અશ્વિની પાટીલ, મનીષ લુહાર, વિનાયક ગોરવલ્લે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં ૨૭મીથી ઈન્ટર યુનિવર્સિટી રણજી-આઈપીએલનો પ્રારંભ

## સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા ક્રિકેટ ભાઈઓની વેસ્ટ ઝોન-ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી ટૂર્નામેન્ટમાં ૧૬ ટીમો ટકરાશે

રાજકોટ,
ગુજરાતમાં પ્રથમ વખત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ઈન્ટર યુનિવર્સિટી ક્રિકેટ ભાઈઓની વેસ્ટ ઝોનની સાથે ઓલ ઈન્ડિયા યુનિવર્સિટીની સ્પર્ધા મળી છે. જેમાં વેસ્ટ ઝોનની ૧૫૪ યુનિવર્સિટી સામ સામે ટકરાશે. જે બાદ ઓલ ઈન્ડિયા યુનિવર્સિટીની ટોપ-૧૬ ટીમ વચ્ચે સ્પર્ધા થશે. આ ક્રિકેટ ટુર્નામેન્ટ માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ૯ મેદાનો રાખવામાં આવ્યા છે. જ્યાં રણજી, ઈંડકના નેશનલ-ઈન્ટરનેશનલ ખેલાડીઓની ફટકાબાજી જોવા મળશે. ટી-૨૦ ફોર્મેટમાં યોજાનારી ક્રિકેટ સ્પર્ધામાં અંડર-૨૫ના ખેલાડીઓ ભાગ લેવાના છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા જ્યારે આ ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન થશે ત્યારે ગુજરાત રાજ્યના રમત ગમત મંત્રી એવા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની સાથે ઈન્ટરનેશનલ ક્રિકેટ ખેલાડીઓને પણ આમંત્રિત કરવામાં આવ્યા છે. ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશ રાબાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં પ્રથમ વખત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ઈન્ટર યુનિવર્સિટી વેસ્ટ ઝોન અને ઓલ ઈન્ડિયા ક્રિકેટની સ્પર્ધાનું આયોજન થઈ રહ્યું છે. ક્રિકેટ ભાઈઓની વેસ્ટ ઝોન ટુર્નામેન્ટ ૨૭ જાન્યુઆરીથી ૮ ફેબ્રુઆરી સુધી યોજાશે. જે બાદ ફેબ્રુઆરીથી ૧૫ ફેબ્રુઆરી સુધી ઓલ ઈન્ડિયા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઈન્ડિયાના ૪ ઝોનની બેસ્ટ ૪ એમ કુલ ૧૬ ટીમ સામસામે ટકરાશે. ઈન્ટર યુનિવર્સિટી વેસ્ટ ઝોન અને ઓલ ઈન્ડિયા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવું તે ખૂબ જ કઠિન હોય છે. જોકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આ આયોજન ખૂબ જ સારી રીતે કરવામાં આવશે. આ વખતે વેસ્ટ ઝોનમાં સૌથી વધુ ૧૫૪ યુનિવર્સિટીની ટીમ ભાગ લઈ રહી છે.

આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ટીમ ખૂબ જ સારું પ્રદર્શન કરે તેવી આશા છે કારણકે બે વર્ષ પહેલા વેસ્ટ ઝોનમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ટીમ સિલ્વર મેડલ લાવી હતી અને ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય થયા હતા. જેમાનો એક ખેલાડી એટલે રામદેવ આચાર્ય છે. જે વર્લ્ડ યુનિવર્સિટીમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું નામ રોશન કરી ચૂક્યો છે. જેથી આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કેપ્ટન આદિત્ય રાઠોડ અને વાઈસ કેપ્ટન રામદેવ આચાર્ય પાસે ખૂબ જ અપેક્ષા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ટીમ આ ટુર્નામેન્ટમાં મેડલ લાવે તેવી પૂરેપૂરી શક્યતા છે.

# વેરાવળમાં સોમનાથ સંસ્કૃત યુનિ.ખાતે પીએચડી સંશોધકો માટે સમીક્ષા બેઠક




મિતેશ પરમાર, વેરાવળ,
વેરાવળમાં સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી એ ગ્રાન્ટ કમિશન ના નિયમો મુજબ પીએચ.ડી. સંશોધકો માટે છ-માસિક પ્રગતિ પ્રતિવેદન સમીક્ષા બેઠક નું આયોજન કરેલ જેમાં દર્શન વિષય ના પીએચ.ડી. સંશોધકો ઉપસ્થિત રહ્યા હતા.

અધ્યક્ષ અને માર્ગદર્શક રૂપે અત્રેની યુનિવર્સિટીના કુલપતિ પ્રો. સુકાંત કુમાર સેનાપતિ, બાહ્ય-વિષય નિષ્ણાત રૂપે અધ્યક્ષ, પ્રોફેસર, સંસ્કૃતવિભાગ, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ પ્રો. કશ્યપ ત્રિવેદી, દર્શન સંકાય ના અધ્યક્ષ અને માર્ગદર્શક રૂપે ડો.જાનકી શરણ આચાર્ય, દર્શન વિષયના માર્ગદર્શક રૂપે યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત 'દર્શનમ્' સંશોધન કેન્દ્ર, છારોડી ના ડો. મુનિવત્સલદાસ સ્વામી, ડો. લક્ષ્મીનારાયણ ભટ, સભ્ય સચિવ રૂપે અત્રેના સંશોધન અધિકારી ડો. કાર્તિક કુમાર પંડ્યા ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજકોટના વોર્ડ નં.૧૧માં સીસી અને ડામર કામનુ ખાતમુહૂર્ત



રાજકોટ,
રાજકોટ વોર્ડ નં.૧૧માં આવેલ બાલાજી હોલથી ધોળકિયા સ્કૂલ સુધીના રોડને સિમેન્ટ કોક્રીટ રોડ બનાવવા રૂા.૨.૮૫ કરોડના ખર્ચે અને ૨.૦૬ કરોડના ખર્ચે કણકોટ રોડથી ન્યારી ડેમ સુધીના આશ્રમ રોડને ડેવલોપ કરવાના કામનુ ખાતમુહૂર્ત ધારાસભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા,પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, વિજયભાઈ કોરાટ, ભરતભાઈ શિંગાળા, કોર્પોરેટર રણજીતભાઈ સાગઠીયા, વિનોદભાઈ સોરઠીયા, ભારતીબેન પાડલીયા, અન્ય હોદ્દેદારો, વિસ્તારના લોકો ઉપસ્થિત રહ્યા હતા.


# રાજકોટના વોર્ડ નં.૧૮માં રેઈન્બો રેસીડેન્સી -૪માં ડામર કામનો શુભારંભ



રાજકોટ,રાજકોટ મહાનગર પાલિકા દ્વારા વોર્ડ નં.૧૮માં રેઈન્બો રેસી.-૪માં ડામર કામનો શુભારંભ વોર્ડના કોર્પોરેટર દ્વારા કરવામાં આવ્યો.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં કોર્પોરેટર સંજયસિંહ રાણા, સંદીપભાઈ ગાજીપરા, દક્ષાબેન વાઘેલા, ભારતીબેન પરસાણા, પ્રમુખ અનિલભાઈ દોંગા, મહામંત્રી મુન્નાભાઈ જોગરાણા, કાળુભાઈ સરપંચ, પંકજભાઈ દોંગા, હિમાંશુભાઈ રાજયગુરૂ, ધર્મેશભાઈ કિહોર, નીલેશભાઈ મુંગરા, દિનેશભાઈ કિડીયા, નટુભાઈ વાઘેલા, દિનેશભાઈ આહિર, સુરેશભાઈ બોઘાણી, મહેશભાઈ આસોદરીયા, પંકજભાઈ લખતરીયા, મોહિતભાઈ મહેતા, ધ્રુવિન જોષી, રમેશભાઈ સાગઠીયા, માલતીબેન ચાવડા, સોનલબેન સોમૈયા, ભારતીબેન ગજેરા, રામભાઈ ડાંગર, અનિલ ભૈયા, ચંદુભાઈ ટીલારા તેમજ વિસ્તારવાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ

# રાજકોટ શ્રી સંકલ્પ સિધ્ધ હનુમાનજી મહારાજનો સૌમ્ય શૃંગાર



રાજકોટ,
રાજકોટના કાલાવડ રોડ ઉપર બિરાજમાન શ્રી સંકલ્પસિદ્ધ હનુમાનજી મહારાજ આજે અત્યંત મનોહર શૃંગારમાં દર્શન આપે છે. દાદાના મસ્તકે વાદળી રંગનો સાફો શોભાયમાન છે. જેમાં સુશોભિત કલગી ધારણ કરાવવામાં આવી છે, જે શૌર્ય અને શાનનું પ્રતિક બને છે. દાદાને વસ્ત્રો સૌમ્ય અને આકર્ષક રંગછટામાં ઝળહળે છે, જે શાંતિ અને ભક્તિભાવ પ્રગટ કરે છે. ગળામાં પુષ્પમાળા દાદાની કાંતિને વધારતી નજરે પડે છે. ખભા ઉપરનો ખેસ શૃંગારને પૂર્ણતા આપે છે. પાછળ રહેલી પિછવાઈ સમગ્ર મંદિર સ્થળને ભક્તિમય વાતાવરણથી પરિપૂર્ણ કરે છે. દાદાના આ દિવ્ય શૃંગારથી દર્શનાર્થીઓના મનમાં શ્રદ્ધા અને આનંદનો અહેસાસ થાય છે.

# સોમનાથ સ્વાભિમાન પર્વનું સુરીલી સંધ્યા સાથે સમાપન



વેરાવળ,
વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી તા.૮ જાન્યુઆરી થી પ્રભાસ તીર્થની પુણ્યભૂમિ પર ઋષિ કુમારોના શંખનાદ અને ૭૨ કલાકના ઓમકારની ગૂંજ વચ્ચે શરૂ થયેલા ભક્તિ, શૌર્ય અને સંસ્કૃતિના ત્રિવેણી સંગમ સમા 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની સંગીતમય સંધ્યાથી પૂર્ણાહૂતી થઈ હતી.

સોમનાથ પર ગઝનવીના આક્રમણના ૧૦૦૦ વર્ષ અને મંદિર જીર્ણોદ્ધારના ૭૫ વર્ષના સુભગ સમન્વય અંતર્ગત યોજાયેલા આ પર્વના અંતિમ દિવસે લોકગાયક અલ્પા પટેલે કોકિલકંઠી સૂરોથી શિવ આરાધના કરતાં શ્રદ્ધાળુઓ મંત્રમુગ્ધ બન્યાં હતાં.

અલ્પા પટેલે પોતાના કોકીલકંઠી અવાજમાં 'જય સોમનાથ' ના અભિવાદન સાથે 'સૌરાષ્ટ્રે સોમનાથ....', 'મુજે દર્શન દો ભોલેનાથ....', 'રામ સીયા રામ... જય જય રામ', 'શૈલશુંગ સમ વિશાલ, જટાજૂટ ચંદ્રભાલ....', 'આરંભ હૈ પ્રચંડ બોલે મસ્તકો કે ઝૂંડ...' 'હર હર શંભુ ભોળા....' સહિતની અનેક પ્રસ્તુતિઓ રજૂ કરી હતી.

અલ્પા પટેલે વીરરસભર્યા લોકગીત રજૂ કરી ભારતમાતાની રક્ષા કરતા શૂરવીર સૈનિકોને તેમજ સોમનાથની સખાતે ચડેલા હમીરજી ગોહિલ સહિતના યોદ્ધાઓ અને જેના થકી સોમનાથનો જીર્ણોદ્ધાર શક્ય બન્યો એવા લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ સહિતના વીર વ્યક્તિત્વનું પણ ભાવસ્મરણ કર્યું હતું.

# રાજકોટની ધોળકીયા સ્કૂલમાં નેશનલ લેવલની સ્પર્ધા 'રંગોત્સવ' યોજાયો



રાજકોટ,
રાજકોટની ધોળકીયા સ્કૂલમાં નેશનલ લેવલની સ્પર્ધા'રંગોત્સવ' તથા 'વોકેબ ચેમ્પિયનશીપ' નાં વિજેતાઓનો સન્માન સમારોહ ગોઠવવામાં આવ્યો હતો. જેમા બાળકોએ વિવિધ ટ્રોફી, ગોલ્ડ, સિલ્વર, બ્રોન્ઝ મેડલ, સર્ટિફીકેટ તથા અન્ય ઈનામોથી બાળકો અને તેમના વાલીઓએ સન્માનીત કર્યા હતા. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી કૃષ્ણકાંતભાઈ ધોળકીયા તથા જીતુભાઈ ધોળકીયા આ ગૌરવવંતા બાળકોને અભીનંદન પાઠવ્યા હતા. આચાર્ય અને ડાયરેકટરએ પણ બધા બાળકોને બિરદાવ્યા હતા.